**પુ૦ના International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| PERIODIC ASSESSMENT – 3 2021-22 | | | | | |
|---|---|---|---|---|---|
| **Student's Name** | | | | | |
| **Date** | | **Grade** | **V** | **Roll No.** | |
| **Subject** | **Gujarati** | **Marks** | **25** | **Teacher's Sign** | |

## SECTION – A

**Q-1 નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો. [ 5 MARKS ]**

નવરાત્રીનો તહેવાર આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી ઊજવાય છે. અંબાજી માતાએ મહિષાસુર રાક્ષસનો વધ કરવા તેની સાથે નવ દિવસ સુધી યુદ્ધ કર્યું હતું અને દસમા દિવસે તેનો વધ થયો એટલે વિજયાદશમી ઊજવાય છે. નવ દિવસ સુધી ગરબા ગવાય છે. શેરીએ શેરીએ મંડપ બંધાય છે. રાત્રે સ્ત્રી,પુરુષો અને બાળકો ભક્તિભાવપૂર્વક માતાજીના ગરબા ગાય છે. પછી માતાજીની આરતી થાય છે અને પછી પ્રસાદ વહેચાય છે.

અ) અહિયા ક્યા તહેવારની વાત કરી છે?

બ) નવરાત્રીનો તહેવાર ક્યારે શરૂ થાય છે?

ક) અંબાજી માતાએ કોનો વધ કર્યો હતો?

ડ) નવરાત્રીમાં મંડપ ક્યાં ક્યાં બંધાય છે?

ઈ) આરતી પછી શું વહેચવામાં આવે છે?

## SECTION - B

**Q-2 નીચેનો ફકરો વાંચી સુંદર અક્ષરે ફરીથી લખો. [ 5 MARKS ]**

પુસ્તકો જાળવવાં આપણી ફરજ છે. પુસ્તકોને પૂંઠા ચડાવવાં જોઇએ. તેની ઉપર નામ, વિષય, ધોરણ, વર્ગ વગેરે લખવા જોઇએ. પુસ્તકોની અંદર લીટા કરીને કે ચિત્રો પર પેનથી ચીતરામણ કરીને પુસ્તકો બગાડવા ન જોઇએ. વળી પુસ્તકોનાં પાનાંની કિનારીઓ વળી ન જાય તેની પણ કાળજી રાખવી જોઇએ. પુસ્તકો દફતરમાં કે કબાટમાં વ્યવસ્થિત ગોઠવીને મૂકવાં જોઇએ. અભ્યાસનાં પુસ્તકો એ આપણી વિદ્યા કહેવાય. પુસ્તકોનું ધ્યાન રાખીએ તો જ આપણે સાચા વિદ્યાર્થી કહેવાઇએ.

**Q-3 નીચેના સમાનાર્થી શબ્દો લખો.** **[3 MARKS]**

અ) ભભૂત =

બ) પાન =

ક) આટો =

**Q-4 નીચેના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** **[3 MARKS]**

અ) ઉપર **X**

બ) દિવસ **X**

ક) પારકું **X**

**Q-5 નીચેના શબ્દ પરથી વાક્ય બનાવો** **[4 MARKS]**

અ) કીડી

બ) ભભૂત

ક) ખીચડી

ડ) ઝાડ

**Q-6 નીચેના પ્રશ્નોના જવાબ લખો. [કોઈપણ પાંચ ]** **[5 MARKS]**

અ) કબૂતરે પાણીમાં પાન શા માટે ફેંક્યું?

બ) કબૂતર ક્યાં બેઠું હતું?

ક) કબૂતરને કોણે બચાવ્યું?

ડ) બા બાવાને શી આજીજી કરે છે?

ઈ) બચુ કેવી રીતે બાવો બન્યો?

એ) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે કોને કોને પૂછી જોયું?